# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૬/ક્વા-૧/૨૧-૨૨/૩૯૦૭-૧ તા.૨૫-૦૬-૨૦૨૧**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૬/ક્વા-૧/૨૧-૨૨**

અરજદાર: પ્રકાશભાઈ ચનાભાઈ પરમાર ગામ: સણોસરા
પેટા વિભાગીય કચેરી : કુવાડવા

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૫-૦૬-૨૧ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૫-૦૬-૨૧ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં સદર કેઈસની સમીક્ષા ફોરમ કમિટી દ્વારા કરવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે તેઓએ કુવાડવા રોડ પેટાવિભાગીય કચેરી હેઠળ બીપીએલ કેટેગરી હેઠળ નવું ઘરવપરાશ વીજજોડાણ ગ્રાહક નં ૮૯૬૬૫-૦૫૫૭૨-૦ થી લીધેલ છે જેમાં હાલ તેઓને વપરાશ નથી. પીજીવીસીએલની કચેરી દ્વારા સદર બીલમાં બીપીએલ કેટેગરી હેઠળ ફીક્ષ ચાર્જ વસૂલવાને બદલે પુરેપુરો ફીક્ષ ચાર્જ વસૂલ કરેલ છે જે હવે પછીના બીલમાં જમા આપવા અરજદારે રજૂઆત કરેલ છે. તેમજ વીજબીલમાં બી.પી.એલ. કેટેગરીનું જોડાણ છે તેમ દર્શાવે જેથી બીલ બનાવવા આવે તેમને બી.પી.એલ. મુજબનો ચાર્જ લગાવવાની ખબર પડે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે **-** પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે કુવાડવા સબ-ડિવિઝન હેઠળના સણોસરા ગામે પ્રકાશ ચનાભાઈ પરમાર દ્વારા બીપીએલ યોજના હેઠળ ઘરવપરાશ હેતુ માટેનું વીજજોડાણ માંગવામાં આવેલ હતું**.** જે તેઓને ગ્રાહક નંબર **- 89665/05572/0** થી તા-**3**0.12.2020 ના રોજ રીલીઝ કરવામાં આવેલ છે. જેમાં કનેક્શન રીલીઝ સમયે બીપીએલ ગ્રાહક તરીકેનો કોડ નાખવાનો બાકી રહી ગયેલ હતો જેને કારણે ફિક્સચાર્જ રેગ્યુલર ઘરવપરાશ તરીકેનો વસૂલ થતો હતો જે ઈ-ઉર્જામાં સુધારવામાં આવેલ છે**.** તેમજ કનેક્શન રીલીઝ થયા બાદ વધુ વસૂલ કરેલ ફિક્સ ચાર્જ ની રકમ રૂ**.30.66** આઇ ડી.નંબર**-28141421** થી સદર ગ્રાહકના વીજજોડાણના ખાતામાં જમા આપવામાં આવેલ છે. આમ અરજદારની ફરિયાદ નું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

૩.૧ અરજદારની ફરિયાદ નું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થતા અરજદારે **સમાધાનપત્રમાં તા.૧૬-૦૬-૨૧ ના રોજ સહી કરી આપેલ છે.**

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ ઉપરોક્ત મુદ્દા નં. ૨.૦ મુજબ ની અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારનાં મુદ્દા નં ૩.૦ અને ૩.૧ મુજબ અરજદારની લેખિત સમંતિ તા.૧૬-૦૬-૨૧ મુજબ અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

૪.૨ આમ ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૪.૩ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

**(એન.એચ.જોષી)**
**સભ્ય (સ્વતંત્ર)**

**(જે.બી.પારેખ)**
**ચેરપર્સન**